# GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED

**Regd. Office: Sardar Patel Vidyut Bhavan,**
**Race Course, VADODARA – 390 007.**
**( CIN: U40100GJ1999SGCO36018 )**
Phone No.(0265) 2353086 (D) Fax No.(0265) 2337918/2338164 (GUVNL)
Web site: **www.getcogujarat.com**-Email: **serc.getco@gebmail.com**

## ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ (જેટકો)ની નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માટે પ્રવહન વિજદર નિયત કરવા બાબતેની દરખાસ્તનું ટૂંકમાં વિવરણ:

(૧) જેટકોના પ્રવહન વિજદર નિયત કરવાનું અને નિયમન કરવાનું કામ ઇલેકટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની સેકશન ૬૨ તેમજ મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન,૨૦૧૧ ની જોગવાઈઓ મુજબ ગુજરાત વિજ નિયમન પંચ દ્વારા કરવામાં આવે છે.

(૨) જેટકો દ્વારા વિજ નિયમન પંચ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે પ્રવહન વિજદર નિયત કરવાની અરજી કેસ નં. ૧૫૪૫/૨૦૧૫ સદર પંચ દ્વારા જારી કરાયેલા " મલ્ટી ઇયર ટેરીફ રેગ્યુલેશન, ૨૦૧૧" ની જોગવાઇ હેઠળ અને સુઓમોટો અરજી ૧૫૩૪/૨૦૧૫ સામેના ગુજરાત વિજ નિયમન પંચના તા ૨-૧૨-૨૦૧૫ હુકમ મુજબ રજુ કરેલ છે.

(૩) જેટકોના ૨૦૧૪–૧૫ ના પરફોર્મન્સ અને નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન નામદાર આયોગના દ્વારા ટ્રુ અપ માટે અંદાજિત અને વાસ્તવિક પરફોર્મન્સ સાથેની સરખામણીનો સમાવેશ પીટીશનમાં કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ ના ટ્રુ અપની રેવન્યુ ગેપના આધારે નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ ની ટ્રાન્સમીશન ટેરીફની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

**ટેબલ–૧ : નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માટેની રજુ કરેલ ટ્રાન્સમીશન ટેરીફ.**

| અ.નં. | વિગત | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ |
|---|---|---|
| ૧. | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માટે ના સરેરાશ રેવન્યુ રીકવાયર્મેન્ટ(નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના માટે મંજુર થયેલ મીડ ટર્મ રીવ્યુ ઓર્ડર તા ૨૯-૦૪-૨૦૧૪ મુજબ) | ૨,૭૭૨.૦૫ |
| ૨. | વત્તાઃ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે આ અરજીમાં ગણતરીમાં લીધેલ રેવન્યુ (ગેપ) / સરપ્લસ | (૮૯.૭૭) |
| ૩. | નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ (૧+૨) માટેના ટ્રુ અપ ગેપને ધ્યાનમાં રાખ્યા બાદ એ.આર.આર. | ૨,૮૬૧.૮૨ |
| ૪. | ફાળવવામાં આવેલ કુલ મેગાવૉટ | ૨૪,૯૧૬.૦૦ |
| ૫. | ટ્રાન્સમીશન ટેરીફ રૂા/ મેગાવૉટ/દિવસ | ૩,૧૪૬.૮૨ |

(૪). પીટીશનના હેતુ માટેની અગત્યની નાણાકીય ધારણાઓનું વિવરણ નીચે મુજબ છે.

- નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ નો સંચાલન અને નિભાવ ખર્ચ, ૭૪૧ નંબર બેય્સ(Bays) અને ૨૨૩૯ સર્કીટ કીલોમીટર ટ્રાન્સમીશન લાઈનોને આધારે ગણતરી કરવામાં આવેલ છે.

- ૪.૯૯% નો ઘસારો ધ્યાનમાં લીધેલ છે. ગ્રાન્ટ ધ્વારા મેળવવામાં આવેલ મિલ્કત/ગ્રાહકોનો ફાળો/ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે ક્લેમ કરવામાં આવેલ કુલ ઘસારા માટેની સબસીડી ઉપર જેટકોએ ઘસારો ધ્યાનમાં લીધેલ નથી.
- નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ નો વ્યાજનો દર ૧૦.૪૮% ગણતરીમાં લેવામાં આવેલ છે.
- રીટર્ન ઓન ઇકવીટી (મુડી પરનું વળતર) - મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૧,ના આધારે, ૧૪ % લીધેલ છે.
- સ્પેર્સ અને મેઈન્ટેનન્સની જરૂરિયાતની ગણતરી, નાણાકીય વર્ષ ૨૦૦૫–૦૬ ની શરુઆતથી તે પછીના નાણાકીય વર્ષ ૨૦૦૬–૦૭ થી ૨૦૧૪–૧૫ ના ખરેખર કરેલ મૂડી રોકાણ પર ૬ ટકાના પ્રતિવર્ષ વધારા સાથે કરવામાં આવેલ છે.
- વર્કીંગ કેપીટલ ઉપર વ્યાજ ગણવા માટે એસ.બી.આઈ. પી.એલ.આર. દર ૧૪.૭૫% (તા.૦૧.૦૪.૨૦૧૪ ના આધારે) ગણતરીમાં લેવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે જેટકો ધ્વારા ૮૩.૬૬ કરોડ ઈન્કમટેક્ષ ગણતરીમાં લેવામાં આવેલ છે.
- ૯૮ ટકા ટાર્ગેટની ઉપલબ્ધતા કરતા વધારે ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી જેટકો ધ્વારા રૂા. ૩૮.૪૦ કરોડ ઈન્સેન્ટીવ તરીકે ગણતરી લેવામાં આવેલ છે.
- સંચાલન અને નિભાવ ખર્ચ નોર્મેટીવ બેઝના આધારે ગણતરી કરેલ હોવાથી નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે હેડ એકસપેન્સ કેપીટલાઈઝડને જેટકો ધ્વારા ધ્યાનમાં લેવામાં આવેલ નથી.
- જેટકોએ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૧૬૭.૨૩ કરોડ અન્ય આવકને ગણતરીમાં લીધેલ છે.

નોંધ : નામદાર આયોગ ધ્વારા અપનાવવામાં આવેલ કાર્યપધ્ધતિ ને જેટકો એ એપેલેટ ટ્રીબ્યુનલ ફોર ઈલેકટ્રીસીટી (એપટેલ) સમક્ષ ચાર અપીલ (અપીલ નં.૧૦૮/ ૨૦૧૩, ૧૭૧ અને ૧૭૨/ ૨૦૧૪ અને ૧૪૯/૨૦૧૫) ફાઈલ કરેલ છે જે પડતર છે. એપટેલ ધ્વારા જે કોઈ નિર્ણય આવશે તે મુજબ નામદાર આયોગ યોગ્ય કાર્યવાહી હાથ ધરશે તેવી નામ. આયોગને વિનંતી કરે છે.

(૫). નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે મંજૂર કરેલ અને હાંસલ કરેલ અગત્યના ચાવીરૂપ ઘટકો અંગે જેટકોનું વિવરણ નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

**ટેબલ – ૨ જેટકોના પરફોર્મન્સ ઘટકો**

| વિગત | નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ મંજૂર | નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ ખરેખરા |
|---|---|---|
| ટ્રાન્સમીશન સીસ્ટમની ઉપલબ્ધતા | ૯૯.૬૫ % | ૯૯.૫૯ % |
| ટ્રાન્સમીશન લોસીસ | ૪.૧૦ % | ૩.૬૫ % |